सत्यमेव जयते

**મહે. પ્રિન્સિપાલ જયુડી મેજી. ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. દેવગઢ બારીઆ**

**<u>ફોજદારી કેસ નં. ૧૧૪૬/૨૦૨૬</u>**

ફરિયાદી.... ધી સ્ટેટ ઓફ ગુજરાત વતી
સુશ્રી ડી. એમ. કટારા
ખેતી અધિકારી, દેવગઢ બારીઆ.
C/o. નાયબ ખેતી નિયામક (વી)ની કચેરી,
બી.એસ.એન.એલ. ઓફીસ સામે, ઠકકરબાપા ચોક, દાહોદ, તા. જિ. દાહોદ.

વિ રૂ દ્ધ

આરોપી... (૧) ઉન્નતી કિશાન એગ્રો સેન્ટર, (વિક્રેતા પેઢી)
મુ. પીપલોદ, તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદ.
(૨) શ્રી પટેલ દક્ષેશકુમાર સુર્યકાન્તભાઇ, ( વિક્રેતાના જવાબદાર વ્યકિત)
૨૩૭, ચાંમુડા સોસાયટી, દેરોક સ્ટેશન ડેરોલ, કાલોલ, પંચમહાલ.
(૩) ડુંફલોરા એગ્રી પ્રોડકટ પ્રાઇવેટ લિમિટેડ, (ઉત્પાદક પેઢી)
પોલ્ટ્રી રોડ, કોનોઇપલ્લી દાંડીપક્ષી પાસે, મનોહરાબાદ, તેલંગાણા.
(૪) પ્રદીપસીંહ ઇન્દ્રજીતસીંહ રાજપૂત, ( ઉત્પાદક પેઢીના જવાબદાર વ્યકિત)
૭,૧૨૫, ઉગમનો દરબાર, નવા સુદાસણા, મહેસાણા, ગુજરાત.

**ગુન્હોઃ– <u>બિયારણ અધિનિયમ–૧૯૬૬ ની કલમ–૧૯ મુજબ</u>**

**–:: <u>ઠરાવ</u> ::–**

(૧) આ કામના ફરિયાદ પક્ષના કેસની ફરિયાદ હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરિયાદી ખેતી અધિકારી તરીકે દેવગઢ બારીઆમાં ફરજ બજાવે છે. અને તા. ૧૭/૦૬/૨૦૨૫ ના રોજ આરોપી સંસ્થાની મુલાકાત લેતા મુલાકાત સમયે આરોપીઓએ એકબીજાના સંયુકત સહકાર અને મેળાપીપણાથી મિસ બ્રાન્ડેડ બિયારણ બનાવી તેમજ સંગ્રહ કરી વેચાણ માટે બજારમાં મુકી બિયારણ અધિનિયમ–૧૯૬૬ ની કલમ–૬ તથા ૭ તેમજ બિયારણ નિયમો ૧૯૬૮ ના નિયમ–૧૦ નો ભંગ કરી બિયારણ અધિનિયમ ૧૯૬૬ ની કલમ–૧૯ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે તેવી ફરિયાદ ફરિયાદીએ અત્રેની કચેરીમાં દાખલ કરતા, સદરહુ ફરિયાદ રજીસ્ટરે નોંધવામાં આવેલ.

( ૨ ) આ કામે આરોપીને ફરિયાદની તમામ કાગળોની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપીની પ્લી નોંધવામાં આવેલ જેમાં આરોપીએ પોતાની સામે આક્ષેપાયેલ ગુનો કબુલ હાવોનું જણાવેલ છે અને તેના અનુસંધાને કબુલાત પુરશીશ રજુ કરેલ છે અને દયાની અરજ કરતા જણાવેલ કે, તેનો આ પ્રથમ ગુન્હો છે. અને હવેથી આવો કોઈ ગુન્હો કરીશુ નહી. સદરહુ ગુન્હો ટેકનીકલ પ્રકારનો ગુન્હો છે. જેથી દયા

ભર્યો હુકમ ફરમાવવા અરજ કરેલ છે. આરોપીની ઉપરોકત દયાની અરજ તથા તેની સામેનો ગુન્હો ધ્યાને લેતા આ કામના આરોપીને નીચે હુકમમાં જણાવ્યા મુજબ સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ હું માનુ છું. જેથી નીચે મુજબ હુકમ ફરમાવુ છું.

–:: **<u>હુકમ</u>** ::–

(૧) આ કામના આરોપીઓને બિયારણ અધિનિયમ–૧૯૬૬ ની કલમ–૬ તથા ૭ તેમજ બિયારણ નિયમો ૧૯૬૮ ના નિયમ–૧૦ નો ભંગ બદલ બિયારણ અધિનિયમ ૧૯૬૬ ની કલમ–૧૯ હેઠળ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપી તથા સંસ્થા દિઠ રૂ. ૫૦૦/–( અંકે રુપિયા પાંસ્સો પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો વધુ દિવસ ૨ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

હુકમ આજરોજ તા.–૧૧મી, માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલત/સ્પેશયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**દેવગઢ બારીઆ.**
**તા. ૧૧/૦૭/૨૦૨૬**

**(સેતુલ રણછોડભાઇ વકીલ)**
**પ્રિન્સિપાલ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**દેવગઢ બારીઆ**
**જજ કોડ નં. જી.જે. ૦૧૫૩૭**